સત્યમેવ જયતે

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક: ગકઅ/૧૦૨૦૨૧/૧૩૧૪/અ

વંચાણે લીધા :

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/૦૯/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:GHY-32-2022-GCA-102021-1314-A

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક:GHY-04-2024-GCA-102021-1314-A

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૬/૦૩/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:ગકઅ/ ૧૦૨૦૨૧/૧૩૧૪/અ

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૭/૦૬/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:ગકઅ/ ૧૦૨૦૨૧/૧૩૧૪/અ

પરિપત્ર :-

રાજ્ય સરકાર દ્વારા ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટસ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧ની જોગવાઈઓ હેઠળ રાજ્યમાં વિવિધ પ્રકારની તબીબી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન કરવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧)થી ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટસ ( રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) રૂલ્સ, ૨૦૨૨ તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટસ ( રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) અમેંડમેન્ટ રૂલ્સ, ૨૦૨૪ દ્વારા નિયમો બહાર પાડવામાં આવેલ છે.વધુમાં, ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૩) અને (૪) ના પરિપત્રો દ્વારા રાજ્યમાં ૫૦થી વધારે પથારી ધરાવતી તબીબી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન કરવા માટેની માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે.

રાજ્યમાં તબીબી સંસ્થાઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન થઇ શકે તે માટે પોર્ટલ કાર્યાન્વિત કરવાની કામગીરી હાલ આખરી તબક્કામાં છે. દરમિયાનમાં ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટસ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ,૨૦૨૧ની કલમ-૨(ગ)ની ચિકિત્સા સંસ્થાની વ્યાખ્યામાં આવતી ૫૦થી ઓછી પથારી ધરાવતી ચિકિત્સા સંસ્થાઓ સહિતની તમામ સંસ્થાઓનું રજીસ્ટ્રેશન ઓનલાઈન પોર્ટલ કાર્યાન્વિત થાય ત્યાં સુધી આ કામગીરી ઓફલાઈન માધ્યમથી કરવા આથી જણાવવામાં આવે છે.

આ વિભાગના તા.૦૬/૦૩/૨૦૨૩ તથા તા.૦૭/૦૬/૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક:ગકઅ/૧૦૨૦૨૧/૧૩૧૪/અથી પ્રસિદ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એ.પ્રજાપતિ)
ઉપસચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી,આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) અધિક નિયામકશ્રી (ત.સે./ત.શિ./જા.આ./પ.ક./ડેન્ટલ), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) નિયામકશ્રી (આયુષ), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Signature Not Verified
Signed by:R A Prajapati
Under Secretary
Date: 2024.06.18
18:40:35 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૪) નિયામકશ્રી (ESIS), પંચદીપ ભવન, અમદાવાદ

(૫) કલેકટરશ્રી અને અધ્યક્ષ તમામ ડિસ્ટ્રિક્ટ રજીસ્ટરીંગ ઓથોરીટી

(૬) જે તે જિલ્લાની ડિસ્ટ્રિક્ટ રજીસ્ટરીંગ ઓથોરીટીના નોડલ અધિકારીશ્રી

(૭) સિલેક્ટ ફાઈલ

(૮) ના.સે.અ. સિલેક્ટ ફાઈલ